

## સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

*પાણી પ્રચારે કર્યાં છે પાપ, હવે ધોવા બેઠા છે,*
*ટટળાવી પાણી વિના પ્રજા, આંસુ લોવા બેઠા છે.*
*ને ઉલેચવા બેઠા છે હવે નદીઓના કચરા -*
*જળ સંકટ આવ્યું ત્યારે કૂવા ખોદવા બેઠા છે...*
*(સુજલામ - સુફલામ તૂત)*

હાઈકુ

*દુષ્કાર પ્હેલાં*
*બાંધે બચાવ પાળ -*
*જળ સંચય...*

*કરે નાટક*
*જળ અભિયાનનું -*
*ભૂલાવે દુ:ખ...*

### ચિંતન

*અનુબન્ધં ચ સમ્પ્રેક્ષ્ય વિપાંક ચૈવ કર્મણામ્ ।*
*ઉત્થાન માત્મનશ્ચૈવ ધીર: કુર્વીત વા ન વા ॥*

**ઉપરોક્ત શ્લોક વિદૂરનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**ધીર (વિવેકી) માણસે કાર્યનું પ્રયોજન (અનુબંધ) અને પરિણામ (વિપાક)ને તેમજ પોતાના ઉદ્યોગ (ઉત્સાહ) ને સારી રીતે જોઈ સમજીને કાર્ય કરવું અથવા ન કરવું.**

**કાર્ય કરવા ન કરવાની બાબતમાં વિવેક બુદ્ધિ જાળવવી જોઈએ. સર્વાંગી વિચારણા ધીરતાપૂર્વક કરીને કર્તવ્ય-અકર્તવ્યનો નિર્ણય કરવો. એમાં સર્વ વાતે કલ્યાણ છે.**

**કેટલાક લોકો આંધળું સાહસ કરી વેપાર ઉદ્યોગમાં કૂદી પડે છે લોન લઈને કે વ્યાજે પૈસા લઈ સાહસ તો કરે છે પણ એમાં બધાં સારાં-માઠાં પરિણામો વિચાર કરતા નથી. આખરે 'વ્યાજ' માં ડૂબી જઈ 'આત્મહત્યા' જેવાં પરિણામ ભોગવે છે. ધીરજપૂર્વક - વિચારી કાર્ય કરવાં જોઈએ.**

### સુવિચાર

- નિશ્ચિય કરવાનું કામ તમારું પોતાનું છે, કોઈના કહેવાથી કોઈના પર આધારિત નિશ્ચય ન કરશો - **સરદાર પટેલ**
- નવી જિંદગી, નવું ખોળીશું સા માટે માંગવું ? જે મળ્યું છે, તેનો જ પૂરો ઉપયોગ, માણસ ધારે તો ગમે તેટલી કઠણાઈઓ વચ્ચે પણ કરી શકે છે- **એ.પી. જે. કલામ**
- માણસ ગમે તે સ્થિતિમાં હોય, પણ તેન ગાલ ટમેટા જેવા લાલ હોવા જોઈએ - **પાંડુરંગ આઠવલે**
- ટોળાથી જુદો પડનાર જ, બેતમાં વ્યક્તિમાં જ, સંત કે ક્રાંતિકારી થઈ શકે - **પ્રવિણ દરજી**
- આખું જગત રાજી થાય એવું છે જગત ખોટું નથી, આપણી ભૂખ આડી આવે છે. આપણી ભૂખ મટી તો 'બ્રાઉન્ડ્રી લેસ' થવાય - **દાદા ભગવાન**
- જે 'આપણો' ધર્મ નથી તે 'કરવા' જઈએ તો ડખો શરૂ થાય - **આપ્તસૂત્ર**
- આજનું ઔષધ : અસેળિયો દૂધ સાથે આપવાથી બાળકોની વૃદ્ધિ ઓછી થતી હોય તો ફાયદો થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

જીંદગી બે પૈડાની ગાડી છે. સુખ અને દુ:ખ એ તેના બે પૈડાં છે. જેના પર જીવન ચાલે છે. માણસની માનસિકતા હંમેશા સુખ પામવાની રહે છે. જે વ્યક્તિ સુખ અને દુ:ખ બંનેમાં સમાન રહે છે. તે કયારેય દુ:ખી થતો નથી.

જે પરમાત્માએ સુખ આપ્યું છે તે પરમાત્મા જ જો દુ:ખ આપે તો તેને હસતાં મોઢે સહી લઈએ તો સુખ-દુ:ખથી પર થઈ જઈએ છીએ.

એક રાજા પોતાના અંગત નોકર ચાકરોનું ખૂબ ધ્યાન રાખતો. તેમને પોતાના સંતાનોની જેવો પ્રેમ કરતો હોવાથી નોકરચાકર પણ તેના પ્રત્યે ખૂબ ભક્તિભાવ રાખતાં. એ રાજાનો એક અંગત સિંપાઈ સંગ્રામસિંહ હતા. એકવાર જંગલમાં રાજા ફરવા નીકળ્યા હતા. સાથે સંગ્રામસિંહ પણ હતો. રાજાએ એક વૃક્ષ પર એક પળ જોયું. જેને રાજાએ તોડ્યું અને ચાકુથી કાપીને તેની એક ચીર સંગ્રામને આપી. સંગ્રામે ચીર ખાધી અને કહ્યું, 'મહારાજ, આ ફળ ખૂબ સ્વાદિષ્ટ છે. માટે આ આખું ફળ હું ખાઉં તમને વાંધો નથીને ?' રાજાએ કહ્યું, 'એવું સરસ આ ફળ હોય તો હું પણ ચાખું તો ખરો ?' એમ કહી રાજાએ જેવી ચીર મોં માં મૂકી અને અતિ કડવું ફળ લાગતા, રાજાએ થૂકી નાખ્યું અને સંગ્રામસિંહને કહ્યું, 'આટલું કડકું ફળ તો કેમ ખવાય ? તું શુ કામ કરે છે આ ફળ તો ખૂબ સ્વાદિષ્ટ છે?' સંગ્રામસિંહે જવાબ આપતા કહ્યું, 'મહારાજ, જેમના હાથે એકથી એક ચડિયાતા ફળ મેં ખાધા હોય તેમના હાથે એકાદ કડવું ફળ ખાવા મળે તો ફરિયાદ કેવી?' રાજાને સંગ્રામસિંહની વાત સમજાઈ.

# કર્ણાટકમાં સેમીફાઈનલ જંગ

તંત્રીસ્થાનેથી...

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી જીતવા કૃતસંકલ્પ છે. એમને સત્તા સદી ગઈ છે. એટલે વિપક્ષમાં બેસવા જેવી હીણપતભરી પરિસ્થિતિ ન સરજાય તે માટે પાણી પહેલાં પાળ બાંધવા માગે છે. જો કે એમને દેશના વિશાળ ભૂભાગ પર ભાજપનો કેસરિયો ફરકાવવામાં સફળતા સાંપડી છે અને હવે કોંગ્રેસ હસ્તક જે એક માત્ર મોટું રાજય છે તે કર્ણાટક કબજે કરવા માટે એમને એડીચોટીનું જોર લગાવી દીધું છે. ભ્રષ્ટાચારના આરોપસર જેલ ભોગવી ચૂકેલા યેદિયુરપ્પાને મુખ્યમંત્રી પદના ઉમેદવાર જાહેર કરવાનું જોખમ વહોરીને પણ એ પોતાનો લક્ષ્યાંક હાંસલ કરવા માગે છે. યેદિયુરપ્પા લિંગાયત સમુદાયના હોઈ એમને આખા કર્ણાટકના મુખ્ય સમાજના પ્રતિનિધિ તરીકે ઊપસાવી શકાય એમ છે. કર્ણાટકના કોંગ્રેસી મુખ્યમંત્રી સિદ્ધરમૈયા દલિત સમાજના છે, જે સ્વાભાવિક રીતે જ સવર્ણ સમાજની ગુડબુકમાં ન હોય. પરંતુ માત્ર જ્ઞાતિસમીકરણોથી જ ચૂંટણી જીતી શકાતી હોય તો દલિત કોંગ્રેસી મુખ્યમંત્રીએ કુનેહપૂર્વક લિંગાયત સમાજને એની વર્ષો જૂની લઘુમતી સમાજ માટેની માગણી સંતોષીને હિંદુ ધર્મથી અલગ ઓળખ ઉપલબ્ધ કરાવવાનો દાવ ખેલ્યો છે. આર એસ એસ અને ભાજપના નેતાઓ આ મુદ્દાને હિંદુ સમાજમાં ભાગલા પડાવવાની ગંદી રાજનીતિ ગણાવી હિંદુ મતદારોનું ધ્રુવીકરણ કરાવવા પ્રયાસ કરી રહ્યા છે. અત્યાર સુધીના આ કાવાદાવા પણ ચૂંટી આડે ગણતરીના દિવસો બચ્યા છે. ત્યારે છેલ્લે મોદી જેવા મહારથી મેદાનમાં ઉતર્યા છે. રાહુલ ગાંધી પણ કર્ણાટકનો ગઢ બચાવી લઈ કોંગ્રેસના પુનરાગમનનાં સપનાં જોઈ રહ્યા છે. એમણે ગુજરાતમાં કોંગ્રેસને છેક બહુમતી નજીક પહોંચાડવામાં સફળતા મેળવ્યા પછી એમનો આત્મવિશ્વાસ વધ્યો છે. કોંગ્રેસનું સુકાન સંભાળ્યા પછી તેઓ એક દિવસ માટે પણ પગ વાળીને બેઢા નથી. મોદી સામે અને ભાજપની રીતિનીતિ સામે એમની પાસે મુદ્દાઓનો તોટો નથી. બાળકીઓ પર થતા અત્યાચારો, દલિતો વિરુદ્ધ થઈ રહેલો વહેવાર, બંધારણ સામે ઊભો થયેલો પડકાર, સતત વધતી જતી બેરોજગારી, ખેડૂતોની આત્મહત્યાઓ અને સરહદ પર વધી ગયેલી તંગદિલી, ચીન સાથેની હાલકડોલક રાજનીતિ, કાશ્મીર પ્રશ્નમાં મળેલી નિષ્ફળતા રાફેલ જેવા સોદાઓમાં થયેલ કથિત ભ્રષ્ટાચાર વગેરે અનેક મુદ્દાઓ પર મોદી ચૂપ છે. તેઓ રાહુલને પંદર મિનિટ સંસદમાં બોલવાની તક નથી આપી શક્યા. આ મુદ્દે રાહુલ દરેક ભાષણમાં બાંચો ચડાવીને કહેતા ફરે છે કે મને પંદર મિનિટ બોલવા દેવામાં આવે તો મોદીને નાસતાં ભોંય ભારે પડી જશે. એ મારી સામે ઊભા નહીં રહી શકે. મોદીએ આ મુદ્દો પકડી લઈ રાહુલ ગાંધી પર તીખા કટાક્ષ માર્યા છે કે તેઓ પંદર મિનિટ કોઈ પણ વિષય પર કોઈ પણ ભાષામાં બોલી બતાવે તો જાણું ! એમને હિંદી અને અંગ્રેજી ઉપરાત રાહુલને એમની 'માતૃભાષા' માતાની ભાષામાં, ઈટાલીયન ભાષામાં બોલવાનો વિકલ્પ પણ આપ્યો છે ! મોદી પાસે આવા લોકરંજક ગતકડાંનો ખજાનો છે. હકીકતમાં આ કોઈ મુદદ્ જ નથી, છતાં લોકો પાસે તાળીઓ પડાવી શકાય છે. 'વિશ્વેશ્વરૈયા'નો ઉચ્ચાર પોતે જ કરી શકે, રાહુલને એ આવડે જ નહીં, એમાં પણ મોદીના ભાષાજ્ઞાનનો અહંકાર જ વ્યક્ત થાય છે. વળી એમને રાહુલને વંશીય રાજનીતિના વારસ લેખે 'નામદાર' ગણવ્યા છે અને પોતે 'કામદાર' હોવાનો પ્રાસ મેળવી તાળીઓ ઉઘરાવી છે. એમનાં આવાં કટાક્ષબાણો સામે કોંગ્રેસનાં મહિલા અગ્રણીએ મોદી પંદર મિનિટ પૂરતું જુઠાણા વગરનું બોલી બતાવે કહીને વાળેલો જવાબ પણ કેટલો સૂચક છે ! કર્ણાટકમાં મોદી મેજિક કેટલું કારગત નીવડશે એ તો સમય જ કહેશે!

# ગરમાળો – આરોગ્યની દ્રષ્ટીએ

પહેલું સુખ તે જાતે નર્યા
ડો. કેદાર ઉપાધ્યાય



"ગરમાળો અને ગુલમહોર" આવો એક પાઠ આવતો. એ પાઠ વાંચતા જ ગરમાળા અને ગુલામાંહોરનું



સૌન્દર્ય નજર સમક્ષ તરી આવે. ઉનાળા દરમિયાન ગરમાળો ખૂબ શોભાયમાન લાગે. તેના પીળા પુષ્પગુચ્છ ખૂબ સંદર લાગે. ગાંધીનગરમાં રોડની બંને બાજુએ ખૂબ ગરમાળા જોવા મળે છે. ક્યારેક ઉનાળાની બપોરે કોઈ કામસર નીકળવાનું થાય તો ગરમાળાની શોભા જોજો.. દિલખુશ થઈ જશે.

ગરમાળાના સૌંદર્યની સાથે સાથે આજે ગરમાળાના વૈદ્યકીય ઉપયોગો વિષે પણ જાણીએ. ગરમાળાને સંસ્કૃતમાં 'આરગ્વધ' કહે છે. આરગ્વધ એટલે 'જે રોગને મટાડે છે તે..' આ ઉપરાંત સંસ્કૃતમાં ગરમાળાના બીજા નામો પણ છે જેમકે શમ્પાક(જે કલ્યાણકર્તા ફળ આપે છે તે), કૃતમાલ (જે સુંદર પુષ્પોની માળા ધારણ કરે છે તે), ચતુરંગુલ (જેના પર્વોનું પ્રમાણ ચાર અંગુલ છે તે), સ્વર્ણભૂષણ (જે સ્વર્ણ સમાન પુષ્પોના ભૂષણ ધારણ કરે છે તે). ગરમાળાનું લેટીન નામ 'કેસિયા ફિસ્ચુલા' છે. તેને 'પગલ્લગ કેસિયા' પણ કહે છે.



ગરમાળાનો સ્વાદ મધુર અને થોડો કડવો હોય છે. તેની પ્રકૃતિ ઠંડી છે. ગરમાળો પિત્તનું શમન કરનારો છે. મહર્ષિ ચરકે ગરમાળા વિષે કહ્યું છે કે "ગરમાળો મૃદુ વિરેચન કરવામાં શ્રેષ્ઠ છે" મૃદુ વિરેચન એટલે બહું ભારે ન પડે તેવું, મૃદુતાપૂર્વકનું વિરેચન કરે તે. આયુર્વેદમાં એવા ઔષધો છે કે જે તીવ્ર વિરેચનીય છે. જેનાથી પેટમાં ચૂંક પણ આવે અને વિરેચનના ઘણાંબધા વેગ આવે. તેની સાપેક્ષો ગરમાળો બહું મૃદુ છે. બાળકો, વૃધ્ધો, ક્ષીણ થયેલ રોગીઓ આદિને વિરેચનાર્થે ગરમાળો ખૂબ હિતકર છે.

વિરેચન માટે ગરમાળાનો ગોળ અપાય છે. ગરમાળાની લાંબી શીગો થાય છે. તેને ખોલતા તેમા ગોળ પૈસા આકારની પતરીઓ હોય છે. આ પતરીઓ પર ગોળ જેવો પદાર્થ ચોંટેલો હોય છે. આને જ ગરમાળાનો ગોળ કહે છે. ટુંકમાં, ગરમાળાનો ગોળ એ ગરમાળાની ફલમજ્જા છે. આયુર્વેદ પ્રમાણે દરેક રોગ પાચનતંત્રની નબળાઈથી થાય છે. આવા સમયે ગરમાળાના ગોળનું નિયમીત સેવન કરવામાં આવે તો પેટ સાફ રહે છે અને સ્વાસ્થ્ય જળવાઈ રહે છે. તાવ-ઈન્ફેકશન આદિમાં પેઈનકીલર જેવી દવાઓ ખાવાથી ઘણાં લોકોને કબજીયાત થઈ જતી હોય છે. આવા વખતે પણ ગરમાળાની ફલમજ્જાનું યોગ્ય ડોઝનું સેવન હિતકર છે. આ ઉપરાંત વા-દુખાવા, શરીરની નબળાઈ, મરડો, અપાચન, સોજા, ચામડી પરની ખંજવાળ આદિ જેવા રોગોમાં પણ ગરમાળાના ગોળનાં નિયમીત સેવનથી લાભ થાય છે.

- contact@atharvaayu.com

# ના ખીલે વસંતમાં ગરમાળો, નથી કીધી ગુલમહોરે કશી ભૂલ

મનના ઉમંગો
રણછોડ પરમાર



ઋતુએ આવે મોગરા ઋતુએ આવે ફૂલ, ઋતુ વિનાનું ચાહીએ એ સઘળું ધૂળાધૂળ.

શાળાશિક્ષણ દરમ્યાન આ દુહો પહેલીવાર સાંભળેલો. જ્યારથી સાંભળેલો ત્યારથી લગભગ યાદ રહી ગયો છે. ઘણીવાર જુદા જુદા લખાણમાં એનો ઉપયોગ પણ કર્યો હશે. દરેક કામ એના સમય મુજબ થાય છે. સમય વગર કોઈ પણ વસ્તુની અપેક્ષા રાખીએ તો ફળે નહીં . બાજરી ઉનાળે અને ચોમાસે બેઉ ઋતુમાં પાકતી હતી પણ શિયાળામાં કદી પાકી હોય તેવું જાણવા મળ્યું નથી. ડાંગર ભરપુર ચોમાસામાં જ પાકતી. હવે ઘણા ભરઉનાળે પકવે છે ખરાં. જાંબુ ઉનાળામાં બેસે અને વરસાદ પડે એટલે પાકે.તડબુચ, ટેટી, રાયણ, ફાલસા ગ્રીષ્મની ગરમીમાં ઠંડક આપવા માટે જ ભગવાને પેદા કરેલાં છે. વસંતમાં આંબા પર મ્હોર આવે અને ઉનાળામાં કેરીઓ પાકે. મે મહિનાનું પહેલું અઠવાડિયું જાય પછી આપણી દેશી કેરીઓ પાકવા માંડે.કેસર કેરી વળી મે માસનું પખવાડિયું વીત્યા પછી પાકે છે. એક જમાનામાં વલ્લભ ભટ્ટને હેરાન કરવા એના નાતીલાઓએ શિયાળામાં રસપુરીનું જમણ માંગ્યું હતું. બહુચર માની કૃપાથી વલ્લભ ભટ્ટે બધાને રસપુરી જમાડી હતી. પણ અત્યારે કોઈ શિયાળામાં શું વરસના કોઈપણ દિવસે કેરીનો રસ માંગે તો આધુનિક ટેકનોલોજીના કારણે તે ખવડાવી શકાય છે. પહેલાં ભાદરવાનો ભીંડો એવો રૂઢીપ્રયોગ વપરાતો હતો. કારણ કે ભીંડા મોટે ભાગે ચોમાસામાં વાવવામાં આવ્યા હોય,તે ભાદરવો આવતામાં જુવાનીમાં આવી ગયા હોય. કારતક માગસર સુધી ભીંડાનું શાક ખાવા મળી શકતું. પણ હવે બારેમાસ ભીંડાનું શાક લારીઓમાં વેચાય છે. વનસ્પતિ વિજ્ઞાનમાં એટલા બધા સંશોધનો થયાં છે કે આપણે એની કલ્પના જ ના કરી શકીએ. ફૂલોના રંગોનું તો એક અનોખું સામ્રાજય સ્થપાઈ ગયું છે. પેલા પેપ્સીકમ મરચાં પહેલા આપણને ફક્ત લીલા રંગના જોવા મળતાં. હવે જે રંગનું મરચું માંગે તે દુકાનદાર તરત હાજર કરી દે. ભાવ ડબલ ટ્રબલ લે વાત જુદી છે.

પણ હજુ, ફરીથી લખું છું, પણ હજુ સફેદ મોગરાના ફૂલ ઉનાળામાં બેસે છે. પીળા સોનેરી ગરમાળાના ફૂલ તીખા તડકામાં આવે છે. રાતાચટક ગુલમહોરના ફૂલ ખાસ તો તડકા સામે જંગ છેડવા જ ધરતી પર ઈશ્વરે મોકલ્યાં છે. આંબાનો મ્હોર અને કામણગારો કેસૂડો વસંતના ખાસ સાથીદાર છે. એ પહેલાં પારિજાતનાં પુષ્પો તો શિયાળામાં જ તમારા નાકને સુગંધથી ભરી દેવાના અને અને રાતરાણીના શ્વેતફૂલોના ગુચ્છા તમને ચોમાસાની રાતે ગંધથી ઘેરી લેવાના. ફૂલોનો રાજા ગુલાબ આમ બધી સીઝનમાં મળે છે પણ વસંત ઋતુમાં જ તેના અસલ ઠાઠમાં જોવા મળે છે. બાકી બારમાસીના ફૂલ બારેમાસ આવે છે એટલે તો એનું નામ બારમાસી પડ્યું છે. ગલગોટા ય થોડાઘણા તો ગમે તે ઋતુમાં મળવાના. બોગનવેલ વસંત ઋતુ જેટલી જ અત્યારે બળબળતા ઉનાળામાં ખીલી છે.અને ખરી વાત તો એ છે કે ગ્લોબલ વૉર્મિંગનું કમઠાણ થયા પછી દુનિયાની ઋતુઓનું કશું ઠેકાણું રહ્યું નથી. અરે ! તમને શી વાત કરું ? અમારા ઘર સામે એક કૂતરી પંદર દિવસ પહેલાં જ આ વરસે બીજીવાર વિયાણી છે. બોલો, કેવું કહેવાય ?

અત્યારે આવું બધુ યાદ આવવાનું કારણ હમણાં સાંભળેલી એક કવિતા છે. કવિતાનું શીર્ષક હતું , "વૈશાખની બપોર ". એમાં કવિરાજે ગુલમહોર અને ગરમાળો તો ખીલવ્યો જ. પણ વધારામાં કેસૂડો પણ ખીલવી દીધો. હવે કેસૂડો બિચારો આવા તાપમાં ક્યાંથી ખીલી શકે ? આવું વસંતના કાવ્યો વખતે ય થયેલું. એક કવિશ્રીએ વસંતનો વૈભવ વર્ણવતી વેળા હૃદય બહુ ઉદાર કરી દીધું અને વસંતમાં ગરમાળો ખીલવી દીધો એ તો સારું થયું કે ગુલમહોર એની ઝપટમાં આવ્યો નહીં. નહીંતર એનો તો બિચારાનો રંગ ઉડી જાત. ગુલમહોરના વૃક્ષ પર ધતુરા જેવાં ફૂલ કેવાં લાગે ? જો કે સાવ ખરાબ ના લાગે એવું મારું માનવું છે. કારણ કે દરેક ફૂલ હંમેશા સુંદર જ હોય છે.

હવે આવી બધી આડીઅવળી વાતો કરવાને બદલે કંઈક સારી વાત કરીશું ? ગુલમહોર અને ગરમાળા વિષે શ્રી મફતભાઈ ઓઝાએ એક સુંદર નિબંધ લખેલો છે. તેમાંથી પ્રથમ ગરમાળા અંગે તેમણે કેવું લખ્યું છે તે વાંચો.

"આ ગરમાળો...બીજી ઋતુમાં તો એના ભણી કોઈની નજર સરખી જતી નથી. સાવ શાણા છોકરા જેવો વૃક્ષોમાં લપાઈને ઊભો હોય છે. બીજા વૃક્ષો ઋતુએ ઋતુએ વેશ બદલી નવાં બને છે એમ કંઈ ગરમાળો ઉછાંછળો નથી. એ કંઈ ગમે ત્યાંથી હવા આવી અડ્કે એટલે વાઘા ન બદલે. બરોબર વૈશાખનો તાપ તપતો હોય ત્યાં એક પછી એક વસ્ત્ર પહેરતો જતો હોય છે. મનમાં થાય કે હમણાં રાજા ગોપીચન્દની જેમ ભેખ ધરી લેશે. પણ આ ગરમાળો કંઈ ઓછો સાધુ થવા ઊભો છે ? એ તો સંસારીની જેમ છાતી કાઢીને ઊભો છે તે છે જ. સૂર્ય તપે એમ એ તપે નહીં, ખીલે. આછો પોપટી રંગ પહેરીને ફૂલો ફૂટવા માંડે, ગઈકાલે જોયો હતો એ ગરમાળો તો કયાંય અદ્રશ્ય થઈ ગયો. આ તો રાજ્યાભિષેક થતો હોય એવા રાજકુંવર જેવો મોતીની સેરો લટકાવતો મલકતો હોય છે. એની ડાળીએ ડાળીએ પેલાં ફૂલો લચકી પડ્યાં હોય છે. ઝીણી નજરે જોનારને સૂરજ એમાં સંતાકુકડી રમતો લાગે. તો ક્યારેક એ પાંદડી પાંદડીએ ઓગળી જઈ રેલાતો લાગે. ગરમાળો સૂરજને ગળી જતો લાગે. આકાશમાર્ગેથી પાછી વળેલી અભિસારિકા વ્યથિત થતી એના હારને તોડીને ફેંકી દે તે અહીં ખલાયેલા લાગે. એની એક એક સેર જાણે હારની એક એક ઝૂમખાંભરી. "

હવે ગુલમહોર માટે શ્રી મફતભાઈએ કેવી વાત કરી છે તે જાણો.

"પેલો ગુલમોર....... આમ તો એ એનો જ ભાઈ લાગે. પણ એ જરા તીખો. ઊંચો તો ખરો પણ સાથે ફાલેલો ય ખાસ્સો.એ બીજા વૃક્ષોની તમા નથી કરતો. એ એની મસ્તીમાં બૂડાબૂડ છે એટલે આટલો ખીલ્યો છે. મન મૂકીને ખીલતાં શીખવું હોય તો ગુલમોર પાસે જવું. ગઈકાલ સુધી એય ઊંઘતા કુંભકર્ણ જેવો લાગતો હતો. બીજા વૃક્ષો પાસે એ દયામણો હતો પણ હમણા હમણા એ એવો ચાનકે ચડ્યો છે કે નાના બાળકને નખ મારીએ ને ટશિયો ફૂટી નીકળે એમ એને ફૂલો ફૂટી નીકળ્યાં છે. એના કેસરિયા વાઘા તો જાણે કોઈ રાજપૂત રણે ચડ્યો. ના, હવે રાજપૂત તો ભૂતકાળ.મેનકાથી ચલિત થયેલો સાધુયોગી એની નબળાઈથી કોપાયમાન થયેલો. એનાં વસ્ત્રો લીરેલીરા કરતો જતો હોય, એ લીરા ગુલ્મોર પર લપેટાયેલા લાગે. એ યોગી તે દુર્વાસા હોઈ શકે ?'

પછી ગરમાળા અને ગુલમોર બંને વૃક્ષોની મફતભાઈએ કેવી અદ્ભુત સરખામણી કરી છે તે પણ ભેગાભેગી માણી જ લ્યો.

"બે ભાઈઓ જેવાં બેય સામસામે ઊભાં છે વૃક્ષો. એકે પીળી પામરી ધરી છે તો બીજાએ ભપકાદાર ભગવો.ગરમાળો જૈન સાધુ જાણે ને ગુલમોર તો કોઈ મઠાધિપતિ સંત. એકની શીળી ઝાંય ને બીજાની તીખી ઝાંય.વૃક્ષો ય આવાં બની બેસસે એની ક્યાં હતી ખબર ? કદાચ એમની છાંયામાં માણસ બેસતો થયો એનું કારણ હોય- ગરમાળો ગરમી સામે લડી લડી લળે છે એના તપથી ને ગુલમોર સૂર્ય સામે આંખ કાઢી ડોક ઊંચી કરે છે ઘડીભર થાય છે કે વૃક્ષોમાં ગરમાળો કોઈ બુધ્ધભિક્ષુક હશે ને ગુલમોર કોઈ રાજવી. આ વિના કંઈ એમના આવા નોખા નોખા ગુણ ન હોય. "

આટલું સરસ વાંચ્યા પછી આપણે ગરમાળા અને ગુલમહોર વિષે શું લખવાના ? કંઈ નહીં. પણ મનમાં એક સંશય હજુ થયા કરે છે કે વસંતમાં ગરમાળાના ફૂલ ખીલે ખરાં ? ઉનાળામાં કેસૂડો મહોરે ખરો ? આખી સૃષ્ટિમાં ગ્લોબલાઈઝેશન થઈ જાય ત્યારે...

# જીવન અને જગતને ખેલદિલીની નજરે નિહાળતા શીખવું એ પણ એક કળા છે

લાગણીનો મેળો
રસિક વાળંદ



આજ કરીશું કાલ કરીશું લંબાવો નહિ દહાડાં,
વિચાર કરતા વિઘ્નો મોટાં આવશે વચમાં આડાં.

એક નાનકડી રૂપકકથા છે એક મોતી કહે છે: 'ડૂબકીયો સો વાર આવ્યો ને ખાલી છીપ લઈને ચાલ્યો ગયો. હવે મારી છીપનો વારો હતો. હું સિહરી ગયેલું. એક વધારે ડૂબકી ને એમને મેળવી ગયો હતો. પણ થાકી જ્યાંથી આવ્યો જ નહીં. હું બચી ગયું!'

દોસ્તો, મોતી તો બચી ગયું પણ પેલો ડૂબકીયો- મરજીવો રહી ગયો એનું શું? આપણા જીવનમાં ઘણીવાર આવું જ બને છે. માત્ર એક ડૂબકીનો જ સવાલ હોય છે. મારી સૂક્તિ સંચયિકામાં નોંધ્યું છે,'ચાલવાનો આનંદ જે માણી શકે છે કે એ જાણે કે પળે પળે પહોચવાનું શક્ય બને છે. મોટી મોટી મંઝિલો તો જયારે મળે ત્યારે મળે; પ્રત્યેક ડગલાંમાં મંઝિલનો આનંદ આવી વસે એના જેવું બીજું રૂડું શું?'

ખલિલ જિબ્રાનનું એક વાક્ય મને સ્પર્શી ગયું છે, "રોજ રોજ જાણીતા રાજમાર્ગે જનારા, હે ભાઈ, કદીક તો અજાણી કેડીએ જા!' વણકંડારી કેડીએ અડાખીડ જંગલમાં ચાલવાની મજા મોંઘેરી છે. એ તો જાત અનુભવે જ સમજાય! આ આદેશ માથે ચડાવી તો જુઓ!

વાતવાતમાં ઘણા કહેતા હોય છે આપણે મશીન નહીં પણ માણસ છીએ. દોસ્તો, મશીનો પણ કોઈ કોઈ વાર ભૂલો કરે છે. અરે, અત્યાધુનિક કમ્પ્યુટરો પણ છબરડા વાળે છે. તો પછી આપણે તો માણસ છીએ ને? મારા એક સન્મિત્ર કેહે; મારામાં ઝંખનાઓ છે પણ મને સિદ્ધિ નથી ગમતી.' હું એને હળવાશથી કહું, દોસ્ત, ઝંખના પોતે જ એક સિદ્ધિ છે. તારી પાસે તો ઝંખના છે પણ મોટા ભાગના લોકો પાસે તો એ પણ નથી હોતી. એટલે એનાથી આનંદ પામ. બેકન નામના ચિંતક કહે છે, ખરાબ માણસો પોતાના દોષ માટે બહાનાં કાઢે છે , જયારે સારા માણસો એ દોષ દૂર ફંગોળી મૂકે છે.' દોષ તો દૂર કરાય એના ગુણગાન થોડા ગવાય? પોતાની અપૂર્ણતાની વાતો કરીને વજલેપ કરવાનું છોડી એમાંથી મુક્ત થવાનું વિચારવું એજ સારું તે યોગ્ય છે. આપણી આસપાસ પોતાની અસમર્થતા – અશક્તિ દર્શાવનારા અનેકાનેક જોવા મળે છે. ત્યારે એવું લાગે કે આ લોકો જગતને પોતાની શકિતઓને દાટવાનું એક વિરાટ કબ્રસ્તાન બનાવી દીધું છે! પોતાની અશક્તિ દર્શાવતા શબ્દોના પાવડા વડે પોતાની માંહ્યલી તાકાતને દફનાવ્યા કરે છે.

મિત્રો, જેને ઊડવું છે એને ઉડ્ડયન શરુ કરવું. હવામાન સારું થાય એની રાહ જોવામાં ક્યારેય ઉદયન શક્ય નહીં બને.આપણી જિંદગીમાં કેટલીય ઋતુઓ આવી ને ગઈ પણ આપણે ખીલી કે ખૂલી શક્ય છીએ ખરા?!! પ્રત્યેક માટે બંધન પ્રાણપોષક હોય છે. મર્યાદાના બંધનથી બંધાયેલા છીએ એટલે એવું ના માનશો સફળતા માટે એ અવરોધક છે. એતો પેલું 'આગળ રસ્તો બંધ છે' એવું દિશા નિર્દેશ કરતુ ડાયવર્ઝનનું પાટિયું છે. આ દિશાદર્શક પાટિયું આપનો કેટલો બધો સમય અને શકિત બચાવે છે. ઘણા એવું વિચારે છે કે આપણે કશું જ કરતા નથી પણ ઈશ્વર જ બધું કરે છે. અરે,ભાઈ! આપણા વગર ભગવાન કઈ કરી શકવાનો નથી. પ્રકૃતિએ આપનું સર્જન કર્યુ છે એનો અર્થ જ એ થયો કે આપણી પાસે કઈક કરાવવા માગે છે. નહીં તો આપણને પથરા સ્વરૂપે જ મૂકયા હોત!!

દોસ્તો, જિંદગી એક સાહસ જ છે. જોખમો તો આવવાના હરપળ સંઘર્ષ કરવો જ પડશે. જીવવાનું છે ને કઈક કરી જવાનું છે. એવું સતત સભાનપણે વિચારો. પ્રત્યેક કામ દિલથી કરો. ઢીલા થઈ જીવશો તો ઢળી જશો.... જીવનમાં હળવો દૃષ્ટિકોણ રાખો. જીવન અને જગતને ખેલદિલીની નજરે નિહાળતા શીખવું એ પણ એક કળા છે. લપસી પડીએ ત્યારે સૌથી પહેલા આપણે જ હસી પડવું; તો બીજા લોકો ઓછું હસશે.... જોખમમાં આનંદ હોય એમ વણમાગ્યા રસ્તાનો આનંદ પણ અનેરો હોય છે.

એક કાકો-ભત્રીજો દરિયાકિનારે સ્નાન કરવા માટે ગયા હતા. કાકાએ પાણીમાં ઝંપલાવ્યું. ભત્રીજો એમ જ બેસી રહ્યો. કાકા કહે; 'અલ્યા બેસી કેમ રહ્યો છે? ઝંપલાવ મારી સાથે'

'પાણીનાં આ મોજાં બંધ થાય ત્યારે આવું. અત્યારે તો મને ડર લાગે છે.' ભરતીનાં પાણી બંધ થશે ત્યારે દરિયો આઘો જતો રહેશે. એ વખતેય મોજાં તો આવ્યા જ કરશે.

'ના, હું રાહ જોઈશ' 'ભલે ત્યારે જોતો રહે'

આવા માણસો જાત-જાતની શરતો મૂક્યા કરે એ શરતો પૂરી ન થાય ને કામ શરુ પણ ન થાય. દોસ્તો, જરા બે ડગ આગળ વધો. જરા વધારે મોટું સ્વપ્ર રાખો. જરા વિશાળ રચના કરો..... દોસ્તો, લાપસવાનો ડર હોય તો હિમાલય નહિ ચઢી શકાય. આવતીકાલની પરિસ્થિતિ આજ કરતા બગડે પણ ખરી માટે વર્તમાન ક્ષણનો બરાબર ઉપયોગ કરી લો. પૂરેપૂરી અનુકુળતા સર્જાય એની રાહ જોઈને બેસી ન રહો... ઉઠો... જાગો.....ને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો... આ જીવન મર્મને સમજી લો....

સ્પર્શમણિ

માણસ બીજ રોપે છે ત્યારે વૃક્ષ દેખાતું નથી છતાં તેને ખાતરી છે કે તેમાં વૃક્ષ છે. પણ નવાઈની વાત આ છે, એ પોતાના કૃત્યને ભવિષ્યના કોઈ વૃક્ષનું બીજ માનતો નથી. એને તો એ એકપળની રમત જ માને છે!!

- rasikvalnd1965@gmail.com